**<u>મહે.સુરતના એડિશનલ સીવીલ જજ અને જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>**

ક્રિમીનલ કેસ નંબર- **CC/29785/2021**

ફરીયાદી - શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી - **IKABALKHAN MAHEBUBKHAN PATHAN**

ગુનો - ઇ.પી.કો. કલમ ૨૭૯ મુજબ

-- **<u>ચુ કા દો</u>** --

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ પોતાના કબ્જામાં આવેલા વાહનને પુરઝડપે અને બેદરકારીથી તેમજ ગફલતભરી રીતે ચલાવી આવતા જતા રાહદારીઓ તેમજ વાહનોને અડચણરૂપ થાય તે રીતે ચલાવેલ હોઇ જેથી આ કામના આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ ૨૭૯ મુજબનું ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરેલ.

૨. આરોપી આ કામે ગુના કબુલાત પુરશીશ આપેલ છે, જેમા તેઓએ જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે.તેઓ કુટુમ્બ કબીલાવાળા છે. તેઓ કોર્ટ આગળ દયાની માંગણી કરે છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાથી ગુનાની કબુલાત કરે છે કે કેમ તેની ખાત્રી કરવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત સંજોગો જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-- <u>હુકમ</u> --**

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૨ અન્વયે ઇ.પી.કો. કલમ ૨૭૯ મુજબના ગુનામા તકસીરવાન ઠેરાવી તેઓને સદર ગુનામા રુપીયા ૫૦૦/- (કુલ અંકે રુપીયા પાંચસો રુપિયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન - ૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૦ માહે જુલાઇ સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સુરત
તા.૧૦/૦૭/૨૦૨૧

(મોહંમદ સઇદ એમ.શેખ)
એડિશનલ સીવીલ જજ અને
જ્યુ.મે.ફ.ક.સુરત
યુનિક આઇ.ડી.નં.જી.જે.૦૧૨૦૦